## ૩,૨,૫૯,૯૦,૭૨૩/- ની રકમના ગ્રે કાપડ ખરીદીના મહિધરપુરા પો.સ્ટે. માં નોધાયેલ ચીંટીંગના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે એસ.ઓ.જી. ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ASI શ્રી છગનભાઈ માનાભાઈ તથા PC ચેતનભાઈ બાબુભાઈ નાઓને બાતમી મળેલ કે, "આજથી ચારેક મહીના પહેલા મહીધરપુરામાં વસ્તા દેવડી રોડ ઉપર ગ્રે કાપડનુ કારખાનુ ચલાવતા વેપારી પાસેથી રૂ. બે કરોડથી વધુના ગ્રે કાપડની ખરીદી કરી તેનુ પેમેન્ટ નહી ચુકવી તેની સાથે છેતરપીંડી કરેલ છે. અને તે ગુન્હામાં સંડોવાયેલ કાપડ દલાલ આરોપી જયમીન ઉર્ફે હિમાંસુ મહેતા પરેશભાઈ રાઠોડ રહે. ૧૦૩, જલાસાંઈ પાર્ક દેના બેંકની પાછળ ઉધના, સુરતવાળો આ ગુન્હામાં નાસતો ફરતો હોય અને તે હાલ સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસે દારૂવાલા પેટ્રોલ પંપ પાસે ઉભો હોય" વિગેરે હકીકત આધારે ટીમના માણસોએ સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસે દારૂવાલા પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવી ઉપરોક્ત આરોપીને ઝડપી પાડી મજકુર આરોપીની પુછ-પરછ કરતા આશરે ચારેક મહીના પહેલા તેણે મહિધરપુરામાં વસ્તા દેવડી રોડ ઉપર "નીલકંઠ મીટીંગ" ના નામથી ગ્રે કાપડનુ કારખાનુ ચલાવતા ફરીયાદી પાસેથી આર.ટી.એમ. માર્કેટ સારોલી, સુરત ખાતે "શ્રી રાધે પ્રિન્ટર્સ" નામની કાપડની દુકાન ધરાવતા વેપારીને ગ્રે-કાપડ આપાવેલ અને તે કાપડ પૈસા નહી ચુકવી ફરીયાદી સાથે છેતરપીંડી કરેલા અને જે ગુન્હામાં પોતે પોલીસથી બચવા નાસતો ફરતો હોવાનુ જણાવતા આ બાબતે ખાત્રી કરતા મજહુર આરોપી મહિધરપુરા પો.સ્ટે. ગુ.ર.નં. ફ્સ્ટ ૨૦૦/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૦૯,૪૨૦,૧૨૦(બી), ૧૪૪ મુજબના ગુનામાં નાસતા ફરતો હોવાનુ જણાઈ આવતા આરોપીની ધરપકડ કરી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.